# ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અંગે અંતિમ અપગ્રેડેશન પ્રક્રિયાના કાર્યક્રમના પરિણામ તથા રિપોર્ટીંગ સ્થળ અંગે

અંતિમ અપગ્રેડેશન પ્રક્રિયાનું પરિણામ પ્રવેશ સમિતિ દ્વારા તા. ૨૬-૮-૨૦૦૯ના રોજ સમિતિ દ્વારા જાહેર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ, ટેકનીકલ કારણોસર આ પરિણામ તા. ૨૭-૮-૨૦૦૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

પ્રવેશ સમિતિના એડમિશન કમિટિ બિલ્ડીંગ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ, નવરંગપુરા, અમદાવાદ ખાતેના હેલ્પ સેન્ટર પર હાલમાં ડિપ્લોમા થી ડિગ્રીની પ્રવેશ કાર્યવાહી ચાલી રહેલી હોઈ, ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓએ એડમિશન કમિટિ બિલ્ડીંગ ખાતે રિપોર્ટીંગ થઈ શકશે નહીં. સમિતિના એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ ખાતેના હેલ્પ સેન્ટર સિવાય રાજ્ય ભરમાં ફેલાયેલાં પ્રવેશ સમિતિ દ્વારા પ્રસ્થાપિત તમામ હેલ્પ સેન્ટરો ખાતે રિપોર્ટીંગ તા. ૩૦-૮-૨૦૦૯ ના સાંજે ૫-૦૦ કલાક સુધી થઈ શકશે. અમદાવાદ ખાતેનાં અન્ય હેલ્પ સેન્ટરો જેવા કે (૧) ગર્વમેન્ટ પોલિટેકનીક, આંબાવાડી, અમદાવાદ તથા (૨) ગર્વમેન્ટ ગર્લ્સ પોલિટેકનીક, એલ. ડી. ઈજનેરી કોલેજની પાસે, પી.આર.એલ. સામે, નવરંગપુરા, અમદાવાદ ખાતે રાબેતા મુજબ ચાલુ છે.